# મહિલા અને બાળ વિકાસ વિભાગ.

૧. ભારત સરકાર ધ્વારા રચાયેલ સુધારણા પંચની ભલામણોને અનુલક્ષીને ગુજરાત સરકારે અંદાજપત્ર વિષયક સુધારાના એક અંતર્ગત ભાગ તરીકે કામગીરી અંદાજપત્ર પધ્ધતિ દાખલ કરી અમલમાં મુકવાનું સ્વીકારેલ છે. તદ્દાનુસાર વિભાગનું સને : ૨૦૧૨– ૧૩ ના વર્ષનું દશમું કામગીરી અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

૨. સરકારશ્રી તરફથી મહિલાઓ અને બાળકોના કલ્યાણ એવં ઉત્કર્ષ અર્થે, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શું આયોજન કરવામાં આવી રહ્યું છે તેની અદ્યતન માહિતી, વિભાગ ધ્વારા તૈયાર કરેલ " કામગીરી અંદાજપત્ર : ૨૦૧૨-૨૦૧૩ " ની પુસ્તિકામાં સમાવેશ કરેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ અને બાળકોના કલ્યાણ/ ઉત્કર્ષ અર્થે, પ્રયોજન અર્થે કેટલા પ્રમાણમાં, કેવા અભિગમ અર્થે આયોજન કરવામાં આવી રહ્યુ છે અને તે અંગે કેટલું ખર્ચ કરવામાં આવી રહ્યુ છે, તે અંગેની અધ્યતન વિગતો/ માહિતી, આ પુસ્તિકા સ્વરુપે પ્રસિધ્ધ કરેલ છે, જે કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

૩. પરંપરાગત અંદાજપત્રમાં જેનો સમાવેશ ન કરવામાં આવેલ હોય તેવી નાણાકીય જોગવાઇઓ સામે ભૌતિક સિધ્ધઓને સાંકળી લેવાનું કાર્ય, "કામગીરી અંદાજપત્ર નું " છે. તેથી સને : ૨૦૧૨-૨૦૧૩ કામગીરી અંદાજપત્રમાં, જે કાર્ય માટે નાણાંની માંગણી કરવામાં આવી હોય, તે હેતુઓ સિધ્ધ કરવા માટે કરવામાં આવેલી જોગવાઇઓ અને થયેલ કામગીરીનો અંદાજ કાઢવા માટેની પરીણામલક્ષી માહિતીનો સમાવેશ કરી, તે ઉદ્દેશ સિધ્ધ થાય તેવા પ્રયત્નો કરેલ છે.

૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કામગીરી, તૈયાર કરેલ યોજનાઓ, મંજૂર થયેલ જોગવાઇઓ અને નાણાકીય જરુરીયાત : જુદાજુદા પત્રકો સ્વરુપમાં દર્શાવેલ છે. જેમાં સને : ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષની જોગવાઇઓનો સમાવેશ આ પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

૫. સને : ૨૦૧૨-૨૦૧૩ના વર્ષના અંદાજપત્રમાં, આ પુરક પ્રકાશન તરીકે, મહિલા અને બાળ વિકાસ વિભાગ સંબંધિત કામગીરી અંદાજપત્ર : ૨૦૧૨-૨૦૧૩ ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર સમક્ષ રજૂ કર્યુ છે.

સંગીતા સિંહ
અગ્ર સચિવ,
મહિલા અને. બાળ વિકાસ વિભાગ.

# કામગીરી અંદાજપત્ર : ૨૦૧૨ – ૨૦૧૩

## અનુક્રમણિકા


| અનુક્રમ નંબર. | વિગત. | પાના નંબર. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ), ગાંધીનગર | ૬ |
| ૨ | કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ :- . | |
| | (અ) નિયામકશ્રી (આઇ સી ડી એસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ (પોષણઆહાર)ની કચેરી, ગાંધીનગર. | ૧૪ |
| | (બ) સંયુક્ત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ (મહિલા વિંગ)ની કચેરી, ગાંધીનગર | ૪૦ |
| ૩ | સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ, ગાંધીનગર. | ૪૫ |
| ૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર. | ૪૮ |
| ૫ | મેનેજીગ ડિરેકટરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., ગાંધીનગર. | ૫૫ |
| ૬ | સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ | ૫૮ |

# -: મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા હિસાબના સદરો :-

| અ. નં. | માંગણી ક્રમાંક | મુખ્ય સદરો. |
|---|---|---|
| ૧ | ૧૦૫-મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૨૫૧ - સચિવાલય સામાજીક સેવાઓ . |
| ૨ | ૧૦૬-મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ. | ૨૦૪૯ - વ્યાજની ચૂકવણી<br>૨૨૩૫ - સામાજીક સુરક્ષા અને કલ્યાણ<br>૨૨૩૬ - પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૨૨૩૫ - સામાજીક સુરક્ષા અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૨૩૬ - પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૭૬૧૦ - સરકારી કર્મચારીઓ વગેરેને લોન |

.

.

# મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી વાર્ષિક જોગવાઇઓ

(રુપિયા હજારમાં).

| અ. નં. | મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ)/ ખાતાના વડાની કચેરીનું નામ | ૨૦૧૨ – ૨૦૧૩ ની જોગવાઇ. | | |
|---|---|---|---|---|
| | | આયોજન | આયોજન બહાર | કુલ રકમ રૂ. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ :-<br>સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ) | ૩૦૦૦૦ | ૨૨૨૨૨ | ૫૨૨૨૨ |
| ૨<br>(અ) | ખાતાના વડાની કચેરીઓ. :-<br>(૧) નિયામકશ્રી (આઇ સી ડી એસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ (પોષણ આહાર)ની કચેરી., ગાંધીનગર | ૧૧૩૮૧૫૪૪ | ૭૪૬૦૩૬૬ | ૧૮૮૪૧૯૧૦ |
| | (૨) સંયુક્ત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ (મહિલા વિંગ)ની કચેરી, ગાંધીનગર | ૮૪૯૨૪ | ૧૯૦૦ | ૮૬૮૨૪ |
| (બ) | સભ્ય સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર | ૪૮૮૦૦ | ૦ | ૪૮૮૦૦ |
| (ક) | નિયામકશ્રી,<br>સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર | ૧૫૫૦૦૨૦ | ૨૪૫૩૬ | ૧૦૭૪૫૫૬ |
| ૩<br>(૧) | બોર્ડ/ નિગમ :-<br>મેનેજીંગ ડિરેક્ટરશ્રી,<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર. | ૧૨૬૦૦૦ | ૯૫૯૩ | ૧૩૫૫૯૩ |
| (૨) | સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ | ૦ | ૧૨૧૯૫ | ૧૨૧૯૫ |
| | કુલ રકમ રૂ. ... | ૧૩૨૨૧૨૮૮ | ૭૫૩૦૮૧૨ | ૨૦૭૫૨૧૦૦ |

.

.

.

# કામગીરી અંદાજપત્ર : ૨૦૧૨ -૨૦૧૩

# મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ),

## ગાંધીનગર.

.

..

# મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ).

**પ્રસ્તાવના :-**

૧. **કામગીરી** :-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૧/૧૨/૨૦૦૧ ના જાહેરનામા અનુસાર મહિલા અને બાળ વિકાસ વિભાગના નામાભિદાન સાથે નવા વિભાગની રચના કરવામાં આવેલ છે. કામગીરી અંદાજપત્ર પ્રકાશનમાં મહિલાઓ અને બાળકોના કલ્યાણ સંબંધિત બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગને સરકારી કામકાજના નિયમો હેઠળ સુપ્રત કરાયેલ વિષયો પરિશિષ્ટ – ક માં દર્શાવેલ છે.

નવમી પંચવર્ષીય યોજનાના સામાજીક સેવાના સેકટર હેઠળ સમાવિષ્ટ કરેલ ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, આ વિભાગ ધ્વારા મહિલા અને બાળકોના કલ્યાણ માટે નિતિનું ઘડતર કરવામાં આવે છે. તેમજ આ બધી કામગીરી માટે ઘડવામાં આવેલ નિતિના અમલ પરત્વે દેખરેખ રાખવામાં આવેલ છે.

વર્ષ – ૨૦૦૧ મહિલા સશકિતકરણ તરીકે ઉજવવાની ભારત સરકારની જાહેરાત અન્વયે મહિલાઓ તથા બાળકોના સુગ્રથિત વિકાસ સાધવાના હેતુથી રાજય સરકારે, ''પરિશિષ્ટ-ક માં દર્શાવેલ વિષયો સાથે'' નવા મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરવાની સાથોસાથ, છ વર્ષથી નીચેની વય જૂથના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ માટેનો પોષક આહાર કાર્યક્રમ પણ તેની સાથે સાકળી લીધેલ છે.

૨. **વહીવટી માળખું** :-

મહિલા અને બાળ વિકાસ વિભાગના વહીવટી માળખાની વિગત, પરિશિષ્ટ – ખ માં દર્શાવેલ છે. વિભાગના વડા તરીકે સચિવ છે. તેમજ બે નાયબ સચિવ, બે ઉપ સચિવ તેમને મદદ કરે છે. કામગીરીના વિષયો જુદી જુદી શાખાઓમાં વહેંચવામાં આવેલા છે. જેમાં સેકશન અધિકારીઓ (વર્ગ – ૨) અને સાથી કર્મચારીઓ છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળ પરિશિષ્ટ – ખ માં દર્શાવ્યા પ્રમાણે – ૩ ખાતાના વડાઓ છે. જેમાં એક કમિશ્નર, એક સંયુકત કમિશ્નર, નિયામકશ્રી(આઇસીડીએસ) અને એક નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો સમાવેશ થાય છે. તદ્દ ઉપરાંત એક અવૈધાનિક આયોગ, એક અવૈધાનિક નિગમ તેમજ સલાહકાર બોર્ડ કામ કરે છે. તેમની કામગીરીની માહિતી ભાગ–૨ માં દર્શાવેલ છે. આ ખાતાના વડાઓ મહિલા અને બાળ વિકાસ વિભાગે ઘડેલ નિતિ નિયમો અને યોજનાઓના અમલ પરત્વે તેમને સુપ્રત કરાયેલ સત્તાઓની મર્યાદામાં રહીને અમલ બજવણી કરે છે.

.

૩. **<u>નિરીક્ષણ</u>** :-

સરકારે નિયત કરેલ ધોરણ અનુસાર આ વિભાગ સંબંધિત ખાતાના વડાની કચેરીઓનું નિરીક્ષણ હાથ ધરે છે. નિરીક્ષણ દરમ્યાન નિયમોનુસારની કોઇ ખામી ધ્યાન ઉપર આવે તો તે સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથો સાથ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે નિયત કર્યા પ્રમાણે યોજનાકીય માહિતી રાખે છે, તથા ખાતાના વડા હેઠળ આવરી લેવાયેલી આયોજનની બાબતોની સમીક્ષા કરે છે. ખાતાના વડાઓના ખર્ચ ઉપર નિયંત્રણ માટે, ત્રિમાસિક બેઠક ગોઠવવામાં આવે છે, અને ખર્ચ અંગેની સમીક્ષા પણ કરવામાં આવે છે. આ બેઠક સચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવે છે.

.

## ગુજરાત સરકારના કામકાજના નિયમો

## <u>પરિશિષ્ટ – ક</u>

## મહિલા અને બાળ વિકાસ વિભાગને ફાળવેલા વિષયો

૧. પોષક આહાર કાર્યક્રમ.

૨. અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ – ૧૯૮૬

૩. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ..

૪. મહિલાઓને સમર્થ બનાવવા માટેના સંગઠનોને નાણાકીય સહાય.

૫. મહિલાઓને સમર્થ બનાવવા માટે દસ્તાવેજી કરણ અને હિમાયત.

૬. કેન્દ્રિય અને રાજય કલ્યાણ બોર્ડની પ્રવૃતિઓ સાથે સંકળાયેલી તમામ બાબતો.

૭. દહેજ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૬૧

૮. મહિલા અને બાળ કલ્યાણ અને અન્ય વિભાગોમાં ચાલતી મહિલા અને બાળ કલ્યાણની પ્રવૃતિઓનું સંકલન.

.

૯. મહિલા અને બાળકો સાથે અનૈતિક વ્યવહાર સંદર્ભે ભારત સરકાર તથા અન્ય સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર.

૧૦. મહિલા અને બાળકોને લગતી પ્રવૃતિઓનું આયોજન, સંશોધન, મુલ્યાંકન, વિનિયમન, પરિયોજના તૈયાર કરવી, તાલીમ અને આંકડાકીય માહિતી.

.

૧૧. યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન ઇમરજન્સી ફંડ (યુનિસેફ) તથા તેના જેવી મહિલા અને બાળ કલ્યાણના સંદર્ભમાં કામ કરતી સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર.

૧૨. રાજય મહિલા આયોગને લગતી કામગીરી.

૧૩. બાલિકા સમૃધ્ધિ યોજના.

.

૧૪. મહિલાઓની જાતિય સતામણી.

૧૫. સ્વયંસિધ્ધા યોજના.

૧૬. મહિલા સામાખ્ય (રદ કરેલ છે.)

૧૭. વિધવાઓના પેન્શનને લગતી કામગીરી.

૧૮(૧) (સામાન્ય વહીવટ વિભાગને ફાળવેલ વિષયોમાં નોંધ નંબર – ૪૫ હેઠળ આવી જતી હોય તે સિવાયના) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ રાજયપત્રિત અધિકારીઓ અને બિન રાજયપત્રિત સરકારી કર્મચારીઓની નિમણૂંકો, પદનિયુકિતઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂંક, રજા મંજૂરી, પેન્શન અંગેની તમામ બાબતો

(૨) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની સચિવાલય સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પેન્શન મંજુર કરવાને લગતી તમામ બાબતો.

(૩) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ-૨ ના અધિકારીઓના સંબંધમાં : રજા મંજુર કરવી અને ગુજરાત રાજય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ – ૬ ના અનુક્રમાંકો ૧ થી ૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા અને સદરહું નિયમ – ૬ ના અનુક્રમાંકો ૩ થી ૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્તભંગની કાર્યવાહી શરુ કરવાને લગતી તમામ બાબતો (સા.વ.વિ. હેઠળની નોંધ નંબર – ૪૫ પણ જુઓ.).

૧૯. રાજયના હેતુઓ માટે સરકારમાં નિહીત થયેલા કે સરકારના કબજા હેઠળના અને મહિલા અને બાળ વિકાસ વિભાગને સોંપયેલા કામ, જમીન અને મકાનો.

૨૦. આ સૂચિમાં કોઇપણ બાબતના હેતુ માટે તપાસ અને આંકડા.

૨૧. કોઇ કોર્ટમાં લેવાતી ફી સિવાય આ સૂચિમાંની કોઇ પણ બાબતો માટેની ફી.

## <u>પરિશિષ્ટ – ખ</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**અ ગ્ર સ ચિ વ શ્રી**

નાયબ સચિવ (આઇ.સી.ડી.એસ.) → ઉપ સચિવ

નાયબ સચિવ (મહિલા કલ્યાણ ) → ઉપ સચિવ

<u>ખાતાના વડાઓ</u>

(૧) <u>કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ</u> :-

(અ) નિયામકશ્રી(આઇ સી ડી એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ (પોષણ આહાર) ની કચેરી, ગાંધીનગર.

(બ) સંયુક્ત કમિશ્નરશ્રી(મહિલા વિંગ), મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.

* <u>વૈધાનિક આયોગ</u> :- ગુજરાત રાજય મહિલા આયોગ
* <u>અવૈધાનિક બોર્ડ-નિગમ</u> :- ગુજરાત મહીલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ
* <u>સલાહકાર બોર્ડ</u> :- ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ
* <u>સ્વાયત્ત સંસ્થા (રજીસ્ટર્ડ સોસાયટી)</u> :- જેન્ડર રીસોર્સ સેન્ટર,અમદાવાદ.

## ભાગ - ૪

## નાણાકીય જોગવાઇની સમજૂતી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતા નથી. પરંતુ આ અંગેની નિતિના અમલ ઉપર દેખરેખ રાખવાની કામગીરી હોય છે. આથી મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૨૨૫૧, સચિવાલય સામાજીક સેવાઓ (અ) ૦૯૦-સચિવાલય હેઠળની મંજૂર થયેલ ગ્રાન્ટનો ઉપયોગ કર્મચારી વર્ગના પગાર અને ભથ્થા માટે કરવામાં આવેલ છે.

| અ. નં. | મળતર (પગાર, મોંઘવારી ભથ્થા, અન્ય ભથ્થા) પે બેન્ડ | મંજૂર થયેલ મહેકમની સંખ્યા. | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ સંખ્યા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | રૂ. ૪૪૪૦ - ૭૪૪૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ |
| ૨. | રૂ. ૫૨૦૦ - ૨૦૨૦૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૩. | રૂ. ૯૩૦૦ - ૩૪૮૦૦ | ૦ | ૫ | ૧૭ | ૦ | ૨૨ |
| ૪. | રૂ. ૧૫૬૦૦ - ૩૯૧૦૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૬ |
| ૫. | રૂ. ૬૭૦૦૦-૭૯૦૦૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | | | | | | |
| | કુલ સરવાળો... | ૭ | ૫ | ૨૦ | ૯ | ૪૧ |

..

સને : ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન આયોજન બહાર સદરે અને આયોજન સદરે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી.

( રૂ. હજારમાં )

| ક્રમાંક | વિગત | ૨૦૧૧-૧૨ ની જોગવાઇ. | | |
|---|---|---|---|---|
| | | આયોજન. | આયોજન બહાર. | કુલ. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | માંગણી ક્રમાંક : ૧૦૫<br>મુખ્ય સદર : ૨૨૫૧<br>સચિવાલય, સામાજીક સેવાઓ. | ૪૦,૦૦ | ૧,૯૩,૫૧ | ૫,૯૩,૫૧ |
| | કુલ... | ૪૦,૦૦ | ૧,૯૩,૫૧ | ૫,૯૩,૫૧ |

વિભાગ ખુદ ધ્વારા સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતાં નથી. ઉપર મુજબ થયેલ આયોજન બહારની જોગવાઇમાંથી કર્મચારીઓના પગાર, ભથ્થા, કચેરી ખર્ચ, ફર્નિચરની ખરીદી તથા અન્ય પરચૂરણ ખર્ચ કરવામાં આવેલ છે.આ ઉપરાંત સરકારની કોમ્પ્યુટરાઇઝેશનની નીતિના અમલના સંદર્ભમાં વિભાગના કોમ્પ્યુટરાઇઝેશન વિશે આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી વર્ષ દરમ્યાન વિભાગ તેમજ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરી માટે કોમ્પ્યુટર હાર્ડવેરની ખરીદી તેમજ તેને સંલગ્ન ખરીદીઓ જેવી કે કાગળો, કાર્ટીઝ, પેન ડ્રાઇવ, સીડી વગેરેમાં ખર્ચ કરવામાં આવેલ છે.

.

..

...

# કાર્યક્રમ અને પ્રવૃત્તિ વર્ગીકરણ
## નાણાંકીય જરુરીયાત

માંગણી ક્રમાંક : ૧૦૫

મુખ્ય સદર : ૨૨૫૧ સચિવાલય સામાજીક સેવાઓ.

(રૂ. હજારમાં)

| ક્રમાંક | વિગત. | ૨૦૧૨ –૨૦૧૩ ની જોગવાઇ | | |
|---|---|---|---|---|
| | | આયોજન | આયોજન બહાર | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | માંગણી ક્રમાંક : ૧૦૫<br>મુખ્ય સદર : ૨૨૫૧,<br>સચિવાલય સામાજીક સેવાઓ. | ૩,૦૦,૦૦ | ૨,૨૨,૨૨ | ૫,૨૨,૨૨ |
| | કુલ રકમ રુ. ... | ૩,૦૦,૦૦ | ૨,૨૨,૨૨ | ૫,૨૨,૨૨ |

..

...

.

# કામગીરી અંદાજપત્ર : ૨૦૧૨-૨૦૧૩

## કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ

### (૧) નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ.

### સંકલિત બાળ વિકાસ યોજના (પોષક આહાર)

.

.

.

.

## સંકલિત બાળ વિકાસ યોજના

### પ્રસ્તાવના

પોષણ કાર્યક્રમ એ રાષ્ટ્રિય આરોગ્ય નીતિઓનો એક ભાગ છે. સંકલિત બાળવિકાસ સેવા કાર્યક્રમ સેવાનું પેકેજ પુરું પાડે છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજના એ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી નાની વયના બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે. અને કુપોષિત-અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે. જયારે સગર્ભા - ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ ૬૦૦ કેલેરી ખોરાક અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

**પુરકપોષણ ના દૈનિક ખર્ચના નોર્મ્સ તથા કેલેરી અને પ્રોટીન ના પ્રમાણમાં વધારો**

| નં. | વિગત | પોષણયુકત આહાર માં જુનુ પ્રમાણ | પોષણયુકત આહાર ના જુના દૈનિક દર | પોષણયુકત આહારમાં સુધારેલ પ્રમાણ | પોષણયુકત આહાર ના સુધારેલ દૈનિક દર . |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ વર્ષથી નાની વયના બાળકો | ૩૦૦ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન | રૂ. ૨.૦૦ | ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન | રૂ. ૪.૦૦ |
| ૨ | કુપોષિત-અતિશય ઓછા વજનવાળા બાળકો | ૬૦૦ કેલેરી અને ૧૬ થી ૨૦ ગ્રામ પ્રોટીન | રૂ. ૨.૭૦ | ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન | રૂ. ૬.૦૦ |
| ૩ | સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓ | ૫૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન | રૂ. ૨.૩૦ | ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન | રૂ. ૫.૦૦ |

આ યોજના હેઠળનાના બાળકો અને સગર્ભા/ધાત્રી માતાઓને પૂરકપોષણ (૨) પૂર્વ પ્રાથમિક શિક્ષણ (૩) રોગ પ્રતિકારક રસીઓ (૪) આરોગ્ય તપાસ (૫) રેફરલ સેવાઓ (૬)આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણની સેવાઓ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ મુખ્યત્વે બાળ વિકાસ યોજના અમલમાં છે.

રાજયમાં સૌ પ્રથમ ૧૯૭૫માં છોટાઉદેપુર ખાતે આ યોજના હેઠળ ઘટક મંજુર કરવામાં આવેલ ત્યાર બાદ ઘટકોમાં ક્રમશ વધારો થયેલ છે માહે ડીસે.-૨૦૧૧ ના અંતે મંજુર થયેલા

૩૩૬ ઘટકો પૈકી ૩૩૬ ઘટકો કાર્યાવિન્ત થયેલા છે. રાજયમાં કાર્યાવિન્ત થયેલા ૫૦૧૩૪ નંદઘર (આંગણવાડી) કેન્દ્રો) ધ્વારા ૪૫.૪૬ લાખ લાભાર્થીઓને આવરી લેવામા આવેલ છે. જે સિધ્ધિ રાજય આયોજન હેઠળના લાભાર્થી લક્ષ્યાંક ૪૪.૫૦ લાખ સામે ૧૦૨.૧૫ ટકા જેટલી થાય છે.

સંકલીત બાળ વિકાસ યોજના ૨૦ મુદા કાર્યક્રમ હેઠળ આવરી લીધેલ છે.

**<u>આ યોજનામાં મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.</u>**

૧. ૦ થી ૬ વષના બાળકોનું પોષણ અને આરોગ્ય સ્તર સુધારવું

૨. બાળકોના શારીરીક, માનસિક અને સામાજીક વિકાસનો પાયો નાખવો.

૩. બાળ મૃત્યુ, બાળરોગ અને કુપોષણ તથા અધવચ્ચે શાળા છોડી જવાનું પ્રમાણ ઘટાડવું

૪. બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ ખાતા અને વિભાગ વચ્ચે કાયક્રમના અમલ માટે અસરકારક સંકલન કરવું

૫. પોષણ અને આરોગ્ય અંગેના વ્યવિસ્થત શિક્ષણ ધ્વારા બાળકના પોષણ અને આરોગ્ય અંગેની સામાન્ય કાળજી રાખવા માતાઓની કાર્યક્ષમતા સુધારવી.

રાજય સરકાર આયોજીત ૨૦ મુદા કાર્યક્રમ હેઠળ પોષણ કાર્યક્રમને આવરી લેવામાં આવેલ છે તેમજ દર માસે આ કાર્યક્રમ હેઠળ થયેલ સિધ્ધની સમીક્ષા કરવામાં આવે છે. ૨૦ મુદા કાર્યક્રમ હેઠળ સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટે ભારત સરકારે આપેલ લક્ષ્યાંક સામે ડિસેમ્બર-૨૦૧૧ અંતીત સિધ્ધિ નીચે પ્રમાણે છે.

.

| વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | સિધ્ધિ ટકામાં |
|---|---|---|---|
| ઘટકો | ૩૩૬ | ૩૩૬ | ૧૦૦ ટકા |
| (નંદઘર (આંગણવાડી)ઓ) | ૫૦૨૨૬ | ૫૦૧૩૩ | ૯૯.૮૧ ટકા |
| લાભાર્થીઓ | ૪૪૫૦૦૦૦ | ૪૮૩૪૮૫૦ | ૧૦૮.૬૨ ટકા |

સને ૧૯૭૫ થી જુદીજુદી પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમ્યાન સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજુર થયેલા ઘટકો તેમજ નંદઘર (આંગણવાડી) કેન્દ્રો ની ઉત્તરોત્તર પ્રગતિ નીચે મુજબ છે.

| પંચવર્ષીય તથા વાર્ષિક યોજનાનો સમયગાળા | આઇ.સી.ડી.એસ યોજના હેઠળના ઘટકોની સંખ્યા | | યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકોની વિસ્તાર મુજબની ફાળવણી | | | આઇ.સી.ડી.એસ યોજના હેઠળના નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | યોજના દરમ્યાન મંજુર થયેલા ઘટકો | યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા ઘટકો | ગ્રામ્ય વિસ્તાર હેઠળના ઘટકો | શહેરી વિસ્તાર હેઠળના ઘટકો | આદીજાતિ વિસ્તાર હેઠળના ઘટકો | યોજના દરમ્યાન મંજૂર થયેલા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો | યોજનાના અંતે ઉત્તરોત્તર વધતા જતા નંદઘર (આંગણવાડી) કેન્દ્રો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૯૭૫-૮૦ | ૭ | ૭ | ૩ | ૧ | ૩ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૯૮૦-૮૫ | ૫૬ | ૬૩ | ૨૬ | ૫ | ૩૨ | ૯૧૪૪ | ૧૦૩૪૯ |
| ૧૯૮૫-૯૦ | ૫૨ | ૧૧૫ | ૭૫ | ૭ | ૩૩ | ૮૭૫૦ | ૧૯૦૯૯ |
| ૧૯૯૦-૯૧ | ૧ | ૧૧૬ | ૭૬ | ૭ | ૩૩ | ૪૭ | ૧૯૧૪૬ |
| ૧૯૯૧-૯૨ | ૪ | ૧૨૦ | ૮૦ | ૭ | ૩૩ | ૬૭૨ | ૧૯૮૧૮ |
| ૧૯૯૨-૯૭ | ૪૩ | ૧૬૩ | ૧૨૦ | ૯ | ૩૪ | ૧૦૪૫૩ | ૩૦૨૭૧ |
| ૧૯૯૭-૨૦૦૦ | ૪૦ | ૨૦૩ | ૧૪૬ | ૧૨ | ૪૫ | ૫૬૬૨ | ૩૫૯૩૩ |
| ૨૦૦૦-૦૬ | ૨૪ | ૨૨૭ | ૧૬૯ | ૧૨ | ૪૬ | ૨૦૨૮ | ૩૭૯૬૧ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૩૩ | ૨૬૦ | ૧૯૩ | ૧૫ | ૫૨ | ૩૫૨૩ | ૪૧૪૮૪ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૦ | ૨૬૦ | ૧૯૩ | ૧૫ | ૫૨ | ૨૬૯૫ | ૪૪૧૭૯ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૦ | ૨૬૦ | ૧૯૩ | ૧૫ | ૫૨ | ૦ | ૪૪૧૭૯ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૬ | ૩૩૬ | ૨૩૩ | ૨૩ | ૮૦ | ૪૪૩૮ | ૪૮૬૧૭ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦ | ૩૩૬ | ૨૩૩ | ૨૩ | ૮૦ | ૧૬૦૯ | ૫૦૨૨૬ |
| ૨૦૧૧-૨૦૧૨ (ડિસેમ્બર-૧૧ અંતિત ) | ૦ | ૩૩૬ | ૨૩૩ | ૨૩ | ૮૦ | ૦ | ૫૦૨૨૬ |

**નાણાકીય જોગવાઇ અને ખર્ચ**

રાજય સરકાર ધ્વારા સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ઘણી ઉદારનીતી અપનાવીને જુદા જુદા નાંણાકીય વર્ષમાં નાણાકીય જોગવાઇમાં વધારો  કરેલ છે. સને ૨૦૦૨-૨૦૦૩ થી સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષની જોગવાઇ અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | પંચવર્ષીય યોજના હેઠળ વાષિક આયોજન (રૂ. લાખમાં) | સુધારેલ બજેટ મુજબ નાણાકીય જોગવાઇ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૪૧૯૩.૦૦ | ૪૧૯૩.૦૦ | ૪૩૮૩.૨૨ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૫૨૦૦.૦૦ | ૫૨૦૦.૦૦ | ૪૯૧૫.૧૫ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૬૨૧૬.૦૦ | ૬૨૧૬.૦૦ | ૫૯૦૦.૨૭ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૯૦૧૮.૩૦ | ૯૦૧૮.૩૦ | ૯૦૧૮.૩૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૪૩૦૬.૫૮ | ૧૪૩૦૬.૫૮ | ૧૪૩૦૬.૫૮ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૨૩૭૫૦.૦૦ | ૨૭૬૧૧.૭૬ | ૨૭૬૧૧.૭૬ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૩૫૭૦૩.૭૮ | ૪૪૪૧૯.૦૯ | ૪૪૪૧૯.૦૯ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૭૭૪૮૧.૦૦ | ૮૦૦૩૬.૧૮ | ૭૬૫૦૧.૦૫ |
| ૨૦૧૧-૧૨(ડીસેમ્બર-૧૧ અંતિત) | ૧૧૩૮૯૦.૩૧ | ૧૩૪૧૪૬.૫૦ | ૮૮૨૮૯.૦૦ |

સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે આ યોજના માટે રૂ. ૧૮૭૫૪૧.૬૬ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. હાલમાં આ યોજના હેઠળ રાજય સરકાર ધ્વારા નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે છે.

(૧) સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ પૂરક પોષણની ખાધ સામગ્રી, વાહતુક ખર્ચ, બળતણ અને મસાલા માટે ૬ વર્ષથી નાની વયના બાળકો માટે રોજના રૂ.૪.૦૦ લેખે અને કુપોષિત-અતિશય ઓછા વજનવાળા બાળકો માટે રોજના રૂ.૬.૦૦ લેખે ખર્ચ કરવામાં આવે છે. જયારે સગર્ભા - ધાત્રી માતા અને કિશોરીઓ માટે રોજના રૂ.૫.૦૦ લેખે લાભાથી દીઠ ખર્ચ કરવામાં આવે છે. તેમાંથી રાજય સરકાર ૫૦ ટકા ખર્ચ ભોગવે છે અને ભારત સરકાર ૫૦ ટકા ખર્ચ ભોગવે છે.

**આ ઉપરાંત નીચે મુજબનો ખર્ચ કેન્દ્ર સરકાર ધ્વારા ભોગવવામાં આવે છે.**

| ક્રમ | વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | દરેક નંદઘર (આંગણવાડી)દીઠ નંદઘર (આંગણવાડી) વર્કરને આપવામાં આવતું માસિક માનદવેતન મેટ્રીક પાસ અને પાંચ વષનો કરતા ઓછો અનુભવ | ૧૫૦૦ |
| | મેટ્રીક પાસ અને પાંચ વષ નો અનુભવ | ૧૫૩૧ |
| | મેટ્રીક પાસ અને દસ વષ નો અનુભવ | ૧૫૬૩ |

| | | |
|---|---|---|
| | નોન મેટ્રીક અને પાંચ વષ કરતા ઓછો અનુભવ | ૧૪૩૮ |
| | નોન મેટ્રીક અને પાંચ વષ નો અનુભવ | ૧૪૬૯ |
| | નોન મેટ્રીક અને દસ વષ નો અનુભવ | ૧૫૦૦ |
| ૨ | દરેક નંદઘર (આંગણવાડી)દીઠ નંદઘર (આંગણવાડી) હેલ્પરને આપવામાં આવતું માસિક માનદવતેન | ૭૫૦ |
| ૩ | નંદઘર (આંગણવાડી) દીઠ વાર્ષિક કન્ટીજન્સી ખર્ચ | ૬૦૦ |
| ૪ | રાજય, જીલ્લા અને તાલુકા કક્ષાના કચેરીનું મહેકમ અંગેનો તમામ ખર્ચ | |
| ૫ | નંદઘર (આંગણવાડી) કક્ષાએ પ્રિ-સ્કુલ કીટ માટે નંદઘર (આંગણવાડી) દીઠ | ૧૦૦૦ |
| ૬ | નંદઘર (આંગણવાડી) કક્ષાએ મેડીકલ કીટ માટે નંદઘર (આંગણવાડી) દીઠ | ૬૦૦ |
| ૭ | ઇવોલ્યુશન અને મોનીટરીંગ નંદઘર (આંગણવાડી) દીઠ | ૫૦૦ |
| ૮ | આઇ.ઇ.સી. ઘટક માટે નંદઘર (આંગણવાડી) દીઠ | ૧૦૦૦ |

**આ યોજના માટે નીચે જણાવેલ અમલીકરણ ઢાંચો અસિત્તવમાં છે.**

**અમલીકરણ નો ઢાંચો**

**આ કાર્યક્રમ નીચેના અમલીકરણના ઢાંચામાં રહીને પચાંયત અને આરોગ્યના કર્મચારીઓ ધ્વારા તેઓની દેખરેખ હેઠળ ચલાવવામાં આવે છે.**

મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગાંધીનગર

કમિશ્નરશ્રી/નિયામકશ્રી મહિલા અને બાળ વિકાસ ની કચેરી,ગાંધીનગર

પ્રોગ્રામ ઓફીસરની કચેરી / સંબધિત જીલ્લા પંચાયત જીલ્લા વિકાસ અધિકારીશ્રી – પ્રોગ્રામ ઓફીસરશ્રી

સંકલિત બાળ વિકાસ અધિકારીની કચેરી- સંબધિત તાલુકા પંચાયત/ સંબધિત મ્યુ કોર્પોરેશન- સ્વૈછિક સંસ્થા- સંબધિત મ્યુની કમિશ્નર શ્રી સંકલિત બાળ વિકાસ અધિકારીશ્રી -તાલુકા વિકાસ અધિકારીશ્રી મુખ્ય સેવિકાઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીશ્રીઓ

સ્થાનિક કક્ષાની નંદઘર (આંગણવાડી)ઓ-નંદઘર (આંગણવાડી) વર્કરહેલ્પર સુપરવાઇઝર-ફીમેલ હેલ્થ વર્કર

**વિભાગ-૨**

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ બારમી પંચવર્ષીય યોજના ૨૦૧૨-૨૦૧૭ માટે રૂ.૯૪૭૭.૬૪ લાખની જોગવાઇ કરવામાં આવી છે તેમજ ૫૦ લાખ લાભાર્થીઓને લાભ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

પોષણ કાર્યક્રમ હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ભૌતિક લક્ષ્યાંક સામે થયેલ પ્રગતિ નીચે મુજબ છે.

| ક્રમ. નં. | વર્ષ | ભૌતિક લાભાર્થી લક્ષ્યાંક અને સિધ્ધિ | | |
|---|---|---|---|---|
| | | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિધ્ધિ | લાભાર્થી સિધ્ધિ ટકામાં |
| ૧ | ૨૦૦૬-૨૦૦૭ | ૩૬૦૦૦૦૦ | ૨૦૪૨૩૫૮ | ૫૬.૭૨ |
| ૨ | ૨૦૦૭-૨૦૦૮ | ૩૬૦૦૦૦૦ | ૨૪૫૩૧૩૬ | ૬૮.૧૪ |
| ૩ | ૨૦૦૮-૨૦૦૯ | ૩૬૦૦૦૦૦ | ૩૨૧૬૨૧૪ | ૮૯.૩૪ |
| ૪ | ૨૦૦૯-૨૦૧૦ | ૪૦૦૦૦૦૦ | ૩૫૧૭૩૯૦ | ૮૭.૯૩ |
| ૫ | ૨૦૧૦-૨૦૧૧ | ૪૪૫૦૦૦૦ | ૪૫૭૮૭૮૩ | ૧૦૨.૮૯ |
| ૬ | ૨૦૧૧-૨૦૧૨ (ડિસેમ્બર-૧૧ અંતિત) | ૪૪૫૦૦૦૦ | ૪૮૩૪૮૫૦ | ૧૦૮.૬૨ |

પોષણ કાયક્રમ હેઠળ માટે રાજય આયોજન/આયોજન બહાર હેઠળ કરવામાં આવેલ જોગવાઇ અને તેની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. **રકમ રુ .લાખમાં**

| અનુ. નં. | નાણાકીય જોગવાઇ અને ખર્ચ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વર્ષ | આયોજન હેઠળ | | | આયોજન બહાર | | |
| | | મુળ જોગવાઇ | સુધારેલ જોગવાઇ | ખર્ચ | મુળ જોગવાઇ | સુધારેલ જોગવાઇ | ખર્ચ |
| ૧ | ૨૦૦૬-૨૦૦૭ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ | ૮૫૧૬.૦૦ | ૧૨૯૪૭.૦૦ | ૧૧૯૬૬.૮૦ | ૧૧૯૬૬.૮૦ |
| ૨ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૨૦૦૦.૦૦ | ૧૪૩૦૬.૫૮ | ૧૪૩૦૬.૫૮ | ૧૧૮૭૪.૬૧ | ૧૧૯૮૨.૨૦ | ૧૧૯૮૨.૨૦ |
| ૩ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૩૭૫૦.૦૦ | ૨૭૬૧૧.૭૬ | ૨૭૬૧૧.૭૬ | ૧૧૮૭૪.૬૧ | ૧૬૧૫૯.૫૦ | ૧૬૧૫૯.૫૦ |
| ૪ | ૨૦૦૯-૨૦૧૦ | ૬૧૦૦૦.૦૦ | ૪૪૪૧૯.૦૯ | ૪૪૪૧૯.૦૯ | ૧૫૫૯૮.૭૪ | ૨૨૧૦૫.૩૨ | ૨૨૧૦૫.૩૨ |
| ૫ | ૨૦૧૦-૨૦૧૧ | ૭૭૪૮૧.૦૦ | ૮૦૬૭૬.૦૮ | ૭૬૫૦૧.૦૨ | ૨૦૦૩૭.૬૬ | ૨૫૭૩૬.૭૮ | ૨૫૭૩૯.૩૫ |
| ૬ | ૨૦૧૧-૧૨ (ડિસેમ્બર- | ૧૧૩૮૯૦.૩૧ | ૧૩૪૧૪૬.૫૦ | ૮૭૫૦૦.૭૯ | ૧૦૫૨.૧૩ | ૧૨૫૬.૮૦ | ૭૮૮.૨૧. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૧૧ અંતિત) | | | | | | |

આઇ.સી.ડી.એસ. યોજના માટેની આયોજન સદરે કરવામાં આવેલ જોગવાઇ પૈકી સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટેની રૂ ૧૪૯૬ લાખની જોગવાઇ આદીજાતિ વિકાસ વિભાગ ના હવાલે રાખેલ છે.

## *વિભાગ-૩*

### *મહત્વના કાર્યક્રમ પરત્વે કામગીરી સમીક્ષા*

**(૧) ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ ફુડ-**

આઇ.સી.ડી.એસના લાભાર્થીઓ માટે આંગણવાડી પર બનતો ખોરાક ૩ વર્ષથી નાના બાળકો ખાઇ શકતા નથી આ વય જુથના કુપોષણના પ્રમાણ નીંચુ લાવવા માટે વિશેષ પૂરક પોષણની જરુર હોય છે. જૂન-૨૦૦૭માં બાલભોગ કાર્યક્રમ અંતગત !! ‘‘રેડી ટુ ઇટ‘‘ ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ કુડની શરુઆત કરવામાં આવી. દૈનિક ૮૦ ગ્રામ પ્રતિ લાભાથી ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ કુડ આપવામાં આવે છે. ૫૦૦ ગ્રામ ના પેકેટમાં ‘‘ટેક હોમ‘‘ રાશન તરીકે લાભાર્થી બાળકોની માતા ને ઘરે લઇ જવા દેવામા આવે છે. ૧૫ દિવસે એક વખત બે પેકેટ આપવામાં આવે છે. ફોર્ટીફ્રાઇડ બ્લેન્ડેડ કુડમાં પ્રોટીન કેલેરી ઉપરાંત નીચે પ્રમાણે સુક્ષ્મ પોષક તત્વો ઉમેરવામાં આવે છે.

| અ.ન. | સુક્ષ્મ પોષક તત્વ | ૮૦ ગ્રામ દીઠ પ્રમાણ |
|---|---|---|
| ૧ | કેલ્શિયમ | ૨૨૫ મિલિગ્રામ |
| ૨ | આર્યન | ૭.૫ મિલિગ્રામ |
| ૩ | આયોડીન | ૫૦ માઇકોગ્રામ |
| ૪ | ઝીંક | ૫ મિલિગ્રામ |
| ૫ | વિટામિન-એ | ૨૦૦ મિલિગ્રામ |
| ૬ | રિબોફલેવિન | ૦.૫ મિલિગ્રામ |
| ૭ | એસ્કોબિક એસીડ | ૨૦ મિલિગ્રામ |
| ૮ | ફોલીક એસિડ | ૨૦ માઇકોગ્રામ |
| ૯ | વિટામિન-બી-૧૨ | ૦.૫ માઇકોગ્રામ |

માર્ચ-૨૦૦૯ અંતીત ૬ માસથી ૩ વષ સુધીના કુલ ૧૧૨૪૯૫૪ બાળકોને ફોટીફાઇડ બ્લેન્ડેડ ફુડ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

(૨) ***ફોર્ટીફાઇડ આટા***

સંકલિત બાળ વિકાસ યોજનાના ૩ થી ૬ વષના બાળકો સગર્ભા ધાત્રી અને કિશારીઓને જે પૂરક આહાર આપવામાં આવે છે. તેમા રોજીંદી જરુરીયાત ના સુક્ષ્મ પોષક તત્વોના ૫૦ ટકા આપવા જરુરી છે. આ માટે લાભાથી દીઠ ૮૦ ગ્રામ રેશન પ્રમાણ નકકી કરવામાં આવેલ છે. અને ૯ આવશ્યક સુક્ષ્મ પોષક તત્વો નિયત કરવામાં આવેલ છે. (આર.ડી.એ. રેકમન્ડેડ ડાયટરી એલાઉન્સ ના ૫૦ ટકા સુક્ષ્મ પોષક તત્વો આપવામાં આવે છે.) આથી રાજયના અમદાવાદ જીલ્લાના દસ્કોઇ ઘટકમાં ઘઉના બદલે ફોર્ટીફાઇડ આટો આપવાના પાયલોટ પ્રોજેકટના પરીણામોથી પ્રેરીત થઇ અમદાવાદ જીલ્લાના તમામ ઘટકો શહેરી ઘટકો અને સાબરકાઠા જીલ્લામા; પ્રથમ તબકકામાં અને અન્ય ૧૦ આદીવાસી જીલ્લાઓમાં બીજા તબકકામાં ફોર્ટીફાઇડ આટો શરુ કરવામાં આવેલ. હવે સમગ્ર રાજયમાં ફોર્ટીફાઇડ આટો આપવામાં આવે છે. ચણા અને તેલ ની સાથે ફોર્ટીફાઇડ આટાના ઉપયોગથી લભાર્થીઓને આંગણવાડી કેન્દ્ર પર રાંધેલો ખોરાક આપવામાં આવે છે. આ પધ્ધતિ હેઠળ માર્ચ-૨૦૦૯ અંતીત કુલ ૪૮૧૧૪૭ માતાઓ અને ૩ થી ૬ વર્ષના ૧૨૭૫૬૫૯ બાળકો ને આવરી લેવામાં આવ્યા છે ફોર્ટીફાઇડ આટાની સેલ્ફ લાઇફ ૪૫ દિવસની હોય છે. ફોર્ટીફાઇડ આટામાં પણ રેડી ટુ ઇટ ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ ફુડની જેમ સુક્ષ્મ પોષક તત્વો કૈલ્શિયમ, આયન આયોડીન ઝીંક વિટામીન-એ રિબોફલેવીન એસ્કોબિક એસીડ વિટામિન બી ૧૨ તથા ફોલિક એસીડ ઉમેરવામાં આવે છે.

***(3) પોષણયુકત ચોકલેટ (ન્યુટ્રી કેન્ડી)***

જૂન ૨૦૦૭ માં બાલભોગ કાર્યક્રમ અંતગત પોષણયુકત ચોકલેટનું લોન્ચીંગ કરવામાં આવ્યુ શરુઆતમાં પાયલોટ પ્રોજેકટ તરીકે બનાસકાંઠા, વડોદરા ભરુચ નર્મદા ડાંગ, સાબરકાંઠા સુરત, વલસાડ અને નવસારી એમ કુલ ૯ જીલ્લાના ૧૮ ઘટકોમાં શરુ કરવામાં આવ્યું ૩ થી ૬ વષના ૧૨ લાખ બાળકોને પોષણયુકત ચોકલેટ આપવાની યોજના હાલમાં સમગ્ર રાજયમાં અમલમાં છે. ૩ ગ્રામની એક ચોકલેટ દરરોજ બાળક દીઠ ૩ થી ૬ વષના તમામ બાળકોને આપવામાં આવે છે. ૧૦૦૦ નંગના પેકેટમાં ઘટક કક્ષાએ પોષણયુકત ચોકલેટ પુરુ પાડવામાં આવે છે. તેની સેલ્ફ લાઇફ ચાર માસની હોય છે. પોષણયુકત ચોકલેટમાં નીચે પ્રમાણેના સુક્ષ્મ પોષક તત્વો .ઉમેરવામાં આવે છે.

| અ.ન. | સુક્ષ્મ પોષક તત્વ | એક કેન્ડીમાં પ્રમાણ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | આયન | ૭.મિલિગ્રામ |
| ૨ | વિટામિન-એ | ૯૯.૦ માઇકોગ્રામ |
| ૩ | ફોલીક એસીડ | ૧૫.૦ માઇકોગ્રામ |
| ૪ | વિટામિન-સી | ૧૦.૦ મિલિગ્રામ |

**<u>મોબાઇલ આંગણવાડી</u>**

રાજયના છુટા છવાયા વિસ્તારો જેમાં ભારત સરકાર ની ગાઈડ લાઈન મુજબ આંગણવાડી કેન્દ્ર મંજુર કરવામાં આવેલ નથી તેવા વિસ્તારોને સંકલિત બાળવિકાસ યોજના નો લાભ મળે તે માટે રાજય સરકાર દવારા મોબાઇલ આંગણવાડી શરૂ કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

(૬) ***<u>આંગણવાડી કેન્દ્રોનું ગ્રેડીંગ (શ્રેણીકરણ)</u>***

ગુજરાત રાજયમાં આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી લાભાથીઓને વિવિધ સેવાઓ પહોંચાડવામાં આવે છે. આ સેવાઓની ગુણવત્તા ચકાસવાના હેતુથી આંગણવાડી કેન્દ્રો નું શ્રેણીકરણ (ગ્રેડીંગ) મૂલ્યાકન પધ્ધતિ ગુજરાત સરકાર ધ્વારા અમલમાં મુકવામાં આવી છે. આંગણવાડી કેન્દ્રો ધ્વારા અપાતી સેવાઓ જેવી કે પૂરક પોષણ, આરોગ્ય તપાસ, રસીકરણ સદર્ભ સેવાઓ આરોગ્ય પોષણ શિક્ષણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ તેમજ વિવિધ યોજના જેવીકે કીશોરી શકિત યોજના, એડોલેશન એનેમીયા કન્ટ્રોલ પ્રોગ્રામ બાલીકા સમૃધ્ધિ યોજના, નેશનલ ન્યુટ્રીશન પ્રોગ્રામ ફોર એડોલેશન્ટ ગલ્સ, આંગણવાડીના મકાનો, સંપૂણ સ્વચ્છતા અભીયાન મેડીસીન કીટ વગેરે યોજનાકીય સેવાઓનો લાભ વધુમાં વધુ લાભાર્થીઓને મળે તેમજ તેમાં સુધારાને શું આવશ્યકતા છે તે માટે રાજયકક્ષાએથી સ્વસ્થ સ્પધાત્મક વાતાવરણ ઉભુ કરવા માટે એક મોડયુલ તૈયાર કરીને આ કામગીરી (ગ્રેડીંગ) કરવામાં આવી રહી છે.

**<u>આંગણવાડી કેન્દ્રોનું ગ્રેડીંગ અંગેની માકીંગ સીસ્ટમ નીચે મુજબની ગણાશે.</u>**

| અ ન | મેળવેલ માકસ | આંગણવાડી કેન્દ્રોનો ગ્રેડ |
|---|---|---|
| (૧) | ૧૮૦ થી ૨૪૦ | ગ્રેડ-૧ |
| (૨) | ૧૨૦ થી ૧૭૯ | ગ્રેડ-૨ |
| (૩) | ૧૧૯ કે તેથી ઓછા | ગ્રેડ-૩ |

<u>વષ ૨૦૦૭-૨૦૦૮માં આંગણવાડી કેન્દ્રોનું ગ્રેડીંગ કરવામાં આવતાં નીચે મુજબના પરીણામ પ્રાપ્ત થયેલ છે.</u>

| મંજુર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | કાર્યાવિન્ત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | શ્રેણીકરણ કરેલ આંગણવાડીકેન્દ્રો ની સંખ્યા | ગ્રેડ-૧ માં આવતી આંગણવાડી કેન્દ્રો | ગ્રેડ-૨ માં આવતી આંગણવાડી કેન્દ્રો | ગ્રેડ-૩ માં આવતી આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|---|---|
| ૪૪૧૭૯ | ૪૨૫૫૯ | ૩૩૫૦૬ | ૧૧૧૦૧ | ૧૮૧૯૯ | ૪૨૦૬ |

**ભાગ - ૩**

**પત્રક - ક**

## કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વગીકરણ

## નાણાકીય જરુરીયાત દશાવતુ પત્રક

## વષ ૨૦૧૦ -૨૦૧૧ મુખ્ય સદર ૨૨૩૬ પોષણ

**(રુપીયા હજારમાં) .**

| ક્રમ | પેટા સદરનું નામ/ ગૌણ સદર/ માંગણી નંબર | ૨૦૧૦ -૧૧ નો ખરેખર ખર્ચ | | |
|---|---|---|---|---|
| | | પ્લાન | નોન પ્લાન | કુલ |
| ૧ | માંગણી નંબર ૧૦૬ એસ.એન.પી | ૯૦૦૦૦૦ | ૩૯૧૯ | ૯૦૩૯૧૯ |
| ૨ | માંગણી નંબર ૧૦૬ --આઇસીડીએસ જનરલ | ૨૯૧૫૮૯૧૩ | ૧૦૭૯૧૩૦ | ૨૧૦૨૦૨૧ |
| ૩ | માંગણી નંબર ૧૦૬ આંગણવાડી રીપેરીંગ | ૧૦૦૦૦૦ | ૦૦ | ૧૦૦૦૦૦ |
| ૪ | માંગણી નંબર ૧૦૬ બાલીકા સમૃધ્ધિ યોજના | ૧૦૦૦૦૦ | ૦ | ૧૦૦૦૦ |
| ૫ | માંગણી નંબર ૧૦૬ આંગણવાડી બાંધકામ | ૧૦૦૦૦૦૦ | ૦ | ૫૦૦૦૦૦ |
| ૬ | માંગણી નંબર ૧૦૬ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ | ૦૦૦૦ | ૦ | ૦૦૦૦ |
| ૭ | માંગણી નંબર ૯૬ આઇસીડીએસ ટ્રાયબલ | ૧૪૩૫૫૩૦ (ગુજરાત પેટર્ન સહીત) | ૬૬૦૦૦૦ | ૨૦૯૫૫૩૦ |
| ૮ | માંગણી નંબર ૯૫ એસ.સી પી | ૫૪૩૯૦૦ | ૦ | ૫૪૩૯૦૦ |
| ૯ | માંગણી નંબર ૧૦૬ માતા યશોદા એવોર્ડ | ૧૧૦૭૮ | ૦ | ૧૧૦૭૮ |
| ૧૦ | માંગણી નંબર ૧૦૬ સંકલિત બાળ વિકાસ યોજનાનું સશકિતકરણ | ૩૭૫૯૭ | ૮૮૩૩૩ | ૧૨૫૯૩૦ |
| ૧૧ | માંગણી નંબર ૧૦૬ કિશોરી બાળાઓના સશકિતકરણમાટેની રાજીવગાંધી યોજના | ૬૪૦૦૮૪ | ૦ | ૬૪૦૦૮૪ |
| | **કુલ** | **૭૬૮૪૦૦૨** | **૧૮૩૧૩૮૨** | **૯૫૧૫૩૮૪** |

## ભાગ - ૩

## પત્રક - ક

## કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ

## નાણાકીય જરુરીયાત દશાવતુ પત્રક

## વષ ૨૦૧૨ – ૨૦૧૩ મુખ્ય સદર ૨૨૩૬ પોષણ

(રુપીયા હજારમાં)

| ક્રમ | પેટા સદરનું નામ/ ગૌણ સદર/ માંગણી નંબર | ૨૦૧૨ – ૨૦૧૩ની સુચવેલ જોગવાઇ | | |
|---|---|---|---|---|
| | | પ્લાન | નોન પ્લાન | કુલ |
| ૧ | માંગણી નંબર ૧૦૬ એસ.એન.પી | ૧૧૬૮૭૮૦ | ૪૮૦૧ | ૯૦૩૯૧૯ |
| ૨ | માંગણી નંબર ૧૦૬ આઇસીડીએસ પગાર અને ભથ્થાં | ૩૫૫૨૭૨ | ૨૯૭૭૬૯૬ | ૩૩૩૨૯૬૮ |
| ૩ | માંગણી નંબર ૧૦૬ -- આઇસીડીએસ જનરલ | ૧૬૨૬૨૫૦ | ૧૬૨૬૨૫૦ | ૩૨૫૨૫૦૦ |
| ૩ | માંગણી નંબર ૧૦૬ આંગણવાડી રીપેરીંગ | ૪૦૨૩૦૦ | ૦૦ | ૪૦૨૩૦૦ |
| ૪ | માંગણી નંબર ૧૦૬ કિશોરી બાળાઓના સશકિતકરણમાટેની રાજીવગાંધી યોજના | ૨૮૯૯૩૪ | ૩૨૭૯૩૪ | ૬૧૭૮૬૮ |
| ૫ | માંગણી નંબર ૧૦૬ બાલીકા સમૃધ્ધિ યોજના | ૧૦૦૦૦૦ | ૦ | ૧૦૦૦૦૦ |
| ૬ | માંગણી નંબર ૧૦૬ આંગણવાડી બાંધકામ | ૫૧૧૯૧૨૫ | ૦ | ૫૧૧૯૧૨૫ |
| ૭ | માંગણી નંબર ૧૦૬ ઈન્દિરાગાંધી માતૃત્વ સહયોગ યોજના | ૦૦૦ | ૨૦૭૫૦૦ | ૨૦૭૫૦૦ |
| ૮ | માંગણી નંબર ૯૬ આઇસીડીએસ ટ્રાયબલ | ૮૫૭૫૩૨(ગુજરાત પેટર્ન સહીત) | ૮૮૭૪૪૫ | ૧૮૪૩૫૮૨ |
| ૯ | માંગણી નંબર ૯૬ આઇસીડીએસ ટ્રાયબલ પગાર અને ભથ્થાં | ૯૮૬૦૫ | ૮૮૭૪૪૫ | ૯૮૬૦૫૦ |
| ૧૦ | માંગણી નંબર ૯૫ એસ.સી પી | ૫૬૫૧૨૩ | ૪૭૩૭૫૦ | ૧૦૩૮૮૭૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | માંગણી નંબર ૧૦૬<br>કિશોરી શક્તિ યોજના. | ૦ | ૨૨૨૨૦ | ૨૨૨૨૦ |
| ૧૨ | માંગણી નંબર ૧૦૬<br>માતા યશોદા એવોર્ડ | ૧૪૭૭૮ | | ૧૪૭૭૮ |
| ૧૩ | માંગણી નંબર ૧૦૬<br>સંકલિત બાળ વિકાસ યોજનાનું<br>સશકિતકરણ | ૧૦૪૪૯૫ | ૧૨૦૫૪૨ | ૨૨૫૦૩૭ |
| ૧૪ | માંગણી નંબર ૧૦૬<br>પોષણ સર્વે અને સર્વેલન્સસીસ્ટમ<br>નવીબાબત | ૨૦૦૦૦ | | ૨૦૦૦૦ |
| ૧૫ | માંગણી નંબર ૧૦૬<br>મિશન મંગલમ<br>નવીબાબત | ૨૦૦૦૦૦ | | ૨૦૦૦૦૦ |
| ૧૬ | માંગણી નંબર ૧૦૬<br>આઇટી અને બાયોમેટ્રીક ઈન્ફ્રાસ્ટ્રકચર<br>નવીબાબત | ૩૦૯૩૫૦ | | ૩૦૯૩૫૦ |
| ૧૭ | માંગણી નંબર ૧૦૬<br>૪૨૩૬ ઘટક કચેરીના મકાનોનું<br>બાંધકામ,સુધારાવધારા અને<br>સમારકામ<br>નવીબાબત | ૧૫૦૦૦૦ | | ૧૫૦૦૦૦ |
| | **કુલ** | **૧૧૩૮૧૫૪૪** | **૭૫૩૫૫૮૩** | **૧૮૯૧૭૧૨૭** |

.

## *મહત્વના કાર્યક્રમ પરત્વે કામગીરી સમીક્ષા*

### બાલ ભોગ યોજના-

સંકલિત બાળ વિકાસ સેવાના લાભાર્થીઓ માટે નંદઘર (આંગણવાડી) પર બનતો ખોરાક ૩ વર્ષથી નાના બાળકો ખાઈ શકતા નથી. આ વય જુથ મા કુપોષણ દૂર કરી પોષણસ્તર ઉંચુ લાવવા માટે વિશેષ પૂરક પોષણ ની જરૂર હોય છે. જૂન ૨૦૦૭ માં બાલભોગ કાર્યક્રમ અંતર્ગત રેડી ટુ ઈટ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડફુડ ની શરૂઆત કરવામાં આવી. દૈનિક ૮૦ ગ્રામ પ્રતિ લાભાથી ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડ આપવામાં આવે છે. ૫૦૦ ગ્રામ ના પેકેટ માં ટેક હોમ રાશન તરીકે લાભાર્થી બાળકોની માતા ને ઘરે આપવામાં આવશે.માસિક ૫૦૦ ગ્રામના ચાર પેકેટ આપવામાં આવે છે. ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડ માં પ્રોટીન કેલેરી ઉપરાંત સુક્ષ્મ પોષક તત્વો ઉમેરવામાં આવે છે.

## *માતૃ મંડળ દવારા પુરક પોષણ*

### સવાર નો ગરમ નાસ્તો

રાજયના તમામ જિલ્લાઓમાં માતૃમંડળ દવારા ૩ થી ૬ વર્ષના લાભાર્થીઓને પ્રતિ લાભાર્થી દિઠ દૈનિક રૂ.૨/- (બે) ના ખર્ચ ની મર્યાદામાં નહિ નફા કે નહિ નુકશાનના ધોરણે દર અઠવાડિયામાં બે દિવસ (મહિનામાં આઠ દિવસ) સવારે પુરતી કેલેરી અને પ્રોટીન યુક્ત ગરમ નાસ્તો આપવામાં આવશે. સખી મંડળો, મહિલા મંડળો અને માતૃ મંડળો દ્વારા બાળકોને મુઠિયા, થેપલા, પુડલા, ઉપમા વગેરે ગરમ નાસ્તા આપવામાં આવશે. આ હેતુ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૨૫૯૨.૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.

### સુખડી (ટેક હોમ રેશન)

રાજયના તમામ જિલ્લાઓમાં સખી મંડળો,મહિલા મંડળો અને માતૃ મંડળો દ્વારા આઇસીડીએસ યોજના હેઠળ ના સગર્ભા/ધાત્રીમાતાઓ,અને કિશોરીઓને પુરક પોષણ આહાર તરિકે રોસ્ટેડ પધ્ધતિથી સુખડી બનાવીને ટેક હોમ રેશન તરીકે આપવા માટે મંજુરી આપવામાં આવેલછે. આ હેતુ માટે સખીમંડળ/ મહિલા મંડળ /માતૃમંડળ દ્વારા અઠવાડિયામાં બે દિવસ લાભાર્થીદિઠ દૈનિક રૂ.૫/-(પાંચ)ની મર્યાદામાં તમામ પ્રકારના ખર્ચ જેવાકે કાચી ખાધ્ય સામગ્રી બળતણ, દળામણ તેમજ અન્ય આનુષાંગિક ખર્ચ કરવાનો રહેશે રાજયમાં ૪૪૦૨૩ માતૃમંડળો મારફતે ૧૫૪૮૦૫૧ લાભાર્થીઓને ૪૪૫૬૭ નંદઘર (આંગણવાડી) કેન્દ્રોમાં નાસ્તો આપવામાં આવે છે.

આ હેતુ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૨૬૪૦.૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.

### દુધ સંજીવની યોજના

રાજયના છ પછાત જિલ્લાઓ ના સિત્તેર ઘટકોમાં (બનાસકાંઠા – અમીરગઢ અને દાંતા, વડોદરા – કંવાટ, નર્મદા – ડેડીયાપાડા ૧ અને ૨, તાપી – ઉચ્છલ, દાહોદ – ઝાલોદ ૧ અને ૨,

પંચમહાલ – સંતરામપુર ૧ અને ૨) ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામા બે વખત ૧૦૦ મિ.લી.પેશ્ચ્યુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દુધ આપવાની શરૂઆત કરવામાં આવી છે. કુલ ૧૫૬૫ નંદઘર (આંગણવાડી) કેન્દ્રોમાં ૫૦૭૧૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે.

આ હેતુ માટે ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૧૯.૨૮ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>નંદઘર (આંગણવાડી)ના બાળકોને ફળ આપવાની યોજના</u>**

રાજયના તમામ જિલ્લાઓમાં ૩ થી ૬ વર્ષના બાળકોને માસિક રૂ.૧૦/- પ્રતિ લાભાર્થી મુજબ અઠવાડીયામાં બે દિવસ માતૃ મંડળના સહયોગથી ફળ આપવાની યોજના મંજુર કરવામાં આવી છે. રાજયના તમામ ૫૦૧૩૪ કાર્યાન્વિત નંદઘર (આંગણવાડી) કેન્દ્રોમાં ૧૬૩૪૫૪૫ લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવી રહેલ છે. આ હેતુ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૬૨૦.૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.

૩૧મી ડિસેમ્બર-૨૦૧૧ ના અંત સુધીમાં ૪૭૪૯૧ નંદઘર (આંગણવાડી) કેન્દ્રો અને ૧૧૨૬ મીની નંદઘર (આંગણવાડી) સહીત કુલ- ૫૦૨૨૬ નંદઘર (આંગણવાડી) કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે.તથા ૩૩૬ સંકલિત બાળ વિકાસ સેવા ઘટકો મંજુર કરવામાં અવ્યા છે.કુલ ૩૩૬ ઘટકો પૈકી ૮૦ ઘટકો આદિજાતિ વિસ્તારોમાં અને ૨૩ ઘટકો શહેરી ગંદા રહેઠાણ વિસ્તારોમાં સ્થાપવામાં આવ્યા છે. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૧ ના અંત સુધીમાં ૩૩૬ ઘટકો અને ૫૦૧૩૪ નંદઘર (આંગણવાડી) કેન્દ્રોમાં ૪૫.૪૬ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ ૬ વર્ષથી નાની વયના બાળકો,સગર્ભા - ધાત્રી માતા અને કિશોરીઓને પોષણયુકત આહાર આપવા માટે રાજય સરકાર દવારા વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૬૪૨.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>(૪) પોષણ કાર્યક્રમ ની અન્ય મુખ્ય યોજનાઓની વિગતો –</u>**

**<u>૧. બાલિકા સમૃધ્ધિ યોજના -</u>**

બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ભારત સરકાર ધ્વારા નકકી કરવામાં આવેલી ગરીબી રેખા નીચેના કુટુંબોમાં ૧૫મી ઓગષ્ટ ૧૯૯૭ ના રોજ કે ત્યારબાદ જન્મેલી બે બાલિકાઓને આવરી લેવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્રેશ બાલિકાના જન્મ વખતે બાલિકા અને તેની માતા પ્રત્યેના તેમના સામાજિક અને કૌટુંબિક તથા સામાજિક નકારાત્મક વલણમાં પરિવર્તન લાવવું તથા શાળામાં બાલિકાઓની પ્રવેશ નોંધણી તથા હાજરીની સ્થિતિ સુધારવી. આ યોજના હેઠળ લાભાર્થી બાલિકાના જન્મોતરે અનુદાનની રકમ રૂ. ૫૦૦/- રાષ્ટ્રીય બેંક કે પોષ્ટ ઓફિસમાં લાભાર્થી બાલિકા અને પદનામિક અધિકારીના સંયુકત નામના ખોલાવેલ વ્યાજકી ખાતામાં જમા કરવામાં આવે છે. આ ઉપરાંત પાત્રતા ધરાવતી લાભાર્થી બાલિકા શાળાએ જવાનું શરૂ કરે ત્યારે શાળાકીય અભ્યાસનું દરેક વર્ષ સફળતાપુર્વક ધોરણ-૧૦ સુધી દરેક વર્ગદીઠ નિયત શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ પણ વ્યાજકી ખાતામાં જમા કરવામાં આવે છે. આ વ્યાજકી ખાતામાં જમા કરવામાં આવેલ

રકમ લાભાર્થી બાલિકા ૧૮ મા વર્ષે અપરણિત હોવાનું અધિકૃત પ્રમાણપત્ર રજુ કર્યા બાદ ખાતામાં જમા થયેલ રકમ ઉપાડવા માટે હકકદાર રહે છે. સને ૨૦૧૨-૧૩નાં વર્ષ માટે આ યોજનાં માટે રૂ. ૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૨. નંદઘર (આગણવાડીં) કન્સ્ટ્રકશન -**

ગુજરાત રાજયમાં કાર્યાન્વિત નંદઘર (આંગણવાડી)ઓ જે પોતાના મકાનમાં બેસતી નથી. તેમના મકાનો બનાવવા માટે રાજય સરકાર દવારા વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ.૧૦૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રકમમાંથી ૧૦૦ % લેખે રાજય આયોજનની ગ્રાન્ટ માંથી નંદઘર (આંગણવાડી)ના મકાનો બનાવવાનુ આયોજન કરેલ છે. આ મકાનની યુનીટ કોસ્ટ રૂ. ૪.૨૫ લાખ નિયત થયેલ છે. આગામી પાંચ વર્ષમાં તમામ બાકી મકાનો પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**સને ૧૯૯૯ થી ૨૦૧૧ ના વર્ષમાં થયેલ નંદઘર (આંગણવાડી) મકાન બાંધકામની વિગતો નીચે મુજબ છે.**

| અ.નં | વર્ષ | મંજુર થયેલ નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા | કાર્યાન્વિત નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા | પોતાના મકાન ધરાવતા નંદઘર (આંગણવાડી) કેન્દ્રોની સંખ્યા | વષ દરમ્યાન બાંધવામાં આવેલ મકાનોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૩૫૯૩૩ | ૨૯૯૨૩ | ૭૬૦૪ | ૦ |
| ૨ | ૨૦૦૦-૨૦૦૧ | ૩૫૯૩૩ | ૩૦૯૪૮ | ૮૬૬૨ | ૧૦૫૮ |
| ૩ | ૨૦૦૧-૨૦૦૨ | ૩૭૯૬૧ | ૩૧૪૫૩ | ૧૦૦૯૮ | ૧૪૩૬ |
| ૪ | ૨૦૦૨-૨૦૦૩ | ૩૭૯૬૧ | ૩૩૦૫૩ | ૧૧૮૯૮ | ૧૪૦૦ |
| ૫ | ૨૦૦૩-૨૦૦૪ | ૩૭૯૬૧ | ૩૫૪૪૧ | ૧૩૧૬૮ | ૧૬૭૦ |
| ૬ | ૨૦૦૪-૨૦૦૫ | ૩૭૯૬૧ | ૩૭૧૦૧ | ૧૪૪૮૩ | ૧૩૧૫ |
| ૭ | ૨૦૦૫-૨૦૦૬ | ૩૭૯૬૧ | ૩૭૪૯૮ | ૧૫૬૩૧ | ૧૧૪૮ |
| ૮ | ૨૦૦૬-૨૦૦૭ | ૪૪૧૭૯ | ૩૮૮૨૮ | ૧૮૬૭૧ | ૩૦૪૦ |
| ૯ | ૨૦૦૭-૨૦૦૮ | ૪૪૧૭૯ | ૪૨૫૫૦ | ૨૦૩૯૬ | ૨૦૦૦ |
| ૯ | ૨૦૦૮-૨૦૦૯ | ૪૪૧૭૯ | ૪૩૭૬૧ | ૨૨૫૦૪ | ૧૪૫ |
| ૧૦ | ૨૦૦૯-૨૦૧૦ | ૪૮૬૧૭ | ૪૪૦૩૯ | ૨૪૦૩૫ | ૧૫૩૧ |
| ૧૧ | ૨૦૧૦-૨૦૧૧ | ૪૮૬૧૭ | ૪૮૬૧૭ | ૨૩૭૩૬ | ૧૧૭૦ |
| ૧૨ | ૨૦૧૧-૨૦૧૨ (ડિસેમ્બર-૨૦૧૧ અંતિત) | ૫૦૨૨૬ | ૫૦૧૩૮ | ૨૯૪૩૨ | ૧૪૧૫ |

રાજ્ય સરકાર દ્વારા નંદઘર (આંગણવાડી)ના મકાનો પૂણ કરવા આયોજન કરેલ છે.

૩. **નંદઘર (આંગણવાડી) રીપેરીંગ -**

ગુજરાત રાજયમાં કાર્યાન્વિત નંદઘર (આંગણવાડી)ઓ જે પોતાના મકાનો ધરાવે છે. તેના રીપેરીંગ માટે રાજ્ય સરકાર દવારા વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૧૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રકમમાંથી રીપેરીંગ માંગતા નંદઘર (આંગણવાડી) ના મકાનો ની મરામત કરાવવાનું આયોજન કરેલ છે.

**૪. રાજીવ ગાંધી સ્કિમ ફોર એમપાવરમેન્ટ ઓફ એડોલસન્ટ ગર્લસ-(સબલા)**

ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી આ કેન્દ્ર પુરસ્કૃત યોજના તા.૩૦-૯-૨૦૧૦ ના પત્રથી જાહેર કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના બનાસકાંઠા, દાહોદ, કચ્છ, પંચમહાલ, નર્મદા, અમદાવાદ, જામનગર, જુનાગઢ, નવસારી કુલ ૯ જીલ્લાઓ યોજનાના અમલીકરણ માટે મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) આ યોજના અંતર્ગત મંજૂર થયેલ ૯ જિલ્લાના ૧૩૪ ઘટકોમાં પોષણ માટે શાળાએ ન જતી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ કે જેનુ રજીસ્ટ્રેશન નંદઘર (આંગણવાડી)માં કરવામાં આવેલ છે તેમને દૈનિક રૂ.૫ પ્રમાણે ૩૦૦ દિવસ માટે પોષણ આપવાની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવેલ છે.જે પૈકી ખરેખર ખર્ચના ૫૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

(૨) આ યોજના અંતર્ગત મંજૂર થયેલ ૯ જિલ્લાના ૧૩૪ ઘટકોમાં પોષણ માટે શાળાએ ન જતી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને વિવિધ પ્રકારની તાલીમો જેવી કે home skill, life skills and vocational skills માટે રૂ. ૩.૮ લાખ વાર્ષિક પ્રતિ ઘટક ફાળવવામાં આવશે.તે મુજબ ૧૩૪ ઘટક માટે રૂ.૫.૦૯ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. આ યોજના ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. અને પોષણ અંગેના ખર્ચમાં કિશોરી દીઠ દૈનિક નવા દર- રૂ.૫/- પ્રમાણે કુલ ખર્ચના અથવા ખરેખર ખર્ચના ૫૦ ટકા ભારત સરકાર આપે છે. જયારે બાકીના ૫૦ ટકા રાજય સરકારે ભોગવવાના રહેશે.જયારે તાલીમ અંગેના ખર્ચમાં તમામ ખર્ચ ૧૦૦ટકા ધોરણે ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે.

(૩) રાજીવ ગાંધી સ્કિમ ફોર એમપાવરમેન્ટ ઓફ એડોલસન્ટ ગર્લસ-(સબલા) હેઠળ નહી આવરી લેવાયેલ ૧૭ જિલ્લાની શાળાએ ન જતી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને પૂરક પોષણ આપવામાટે દૈનિક પ્રતિ લાભાર્થી રૂ.૫/- લેખેના ખર્ચ માટે આ સદરે જોગવાઇ કરવામાં આવેલ છે. જેનો ૧૦૦ ટકા ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

(૪) આ યોજના હેઠળ પોષણ માટેની લાભાર્થી કિશોરીઓની અંદાજીત સંખ્યા ૩,૬૬,૪૦૦ છે.

(૫) આ યોજના માટે વર્ષ ૨૦૧૨-૧૩ માં કુલ રૂ. ૧૧૭.૯૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૫. ખાસ પોષણ કાર્યક્રમ નંદઘર ( આંગણવાડી ) વર્કર - હેલ્પરને વધારાની સુવિધાઓ

સંકલિત બાળ વિકાસ યોજનાને સુદ્રઢ કરવાના હેતુથી નંદઘર (આંગણવાડી) વર્કર અને હેલ્પરને કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવતા માનદ્ર વેતન ઉપરાંત રાજય સરકાર ધ્વારા નંદઘર (આંગણવાડી) કાર્યકરને માસિક રૂ.૧૦૦૦/- અને હેલ્પરને માસિક રૂ.૫૦૦/- નું માનદ વેતન આપવાનું ઠરાવવામાં આવેલ છે તથા નંદઘર (આંગણવાડી) વર્કર અને હેલ્પરની સમાજમાં અલગ ઓળખ ઉભી થાય તે હેતુથી દર વર્ષે બે ગણવેશ (સાડી-બ્લાઉઝ) આપવાનું ઠરાવેલ છે. આ હેતુ માટે રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૯૫.૯૭ કરોડની જોગવાઈ કરેલ છે.

## ૬. માતા યશોદા એવોર્ડ

નંદઘર (આંગણવાડી) કાર્યકર અને તેડાગર બહેનોની શ્રેષ્ઠ કામગીરી માટે " માતા યશોદા" એવોર્ડ અંગેની યોજના અમલમાં છે. સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત કાર્યરત નંદઘર (આંગણવાડી) કેન્દ્ર પરના માનદ કાર્યકર અને તેડાગર એ યોજના અંતર્ગત સમુદાય અને તંત્ર વચ્ચેની મહત્વની કડી છે. આ માનદ્દ કાર્યકરની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને તેઓને વધુ કાર્યદક્ષતાથી સેવાઓ પુરી પાડવા પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકાર તરફથી નંદઘર (આંગણવાડી) કાર્યકર અને તેડાગરને પ્રોત્સાહક ઈનામ આપવા રાજય સરકાર દવારા "માતા યશોદા" શ્રેષ્ઠ નંદઘર (આંગણવાડી) કાર્યકર / તેડાગર એવોર્ડ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તે અન્વયે નંદઘર (આંગણવાડી) કાર્યકરને રાજયકક્ષાનો રૂ.૫૧૦૦૦/- નો એવોર્ડ, જિલ્લાકક્ષાનો રૂ. ૩૧૦૦૦નો એવોર્ડ, ઘટકકક્ષાનો રૂ.૨૧૦૦૦/- નો એવોર્ડ અને નંદઘર (આંગણવાડી) તેડાગરને રાજયકક્ષાનો રૂ.૩૧૦૦૦/- નો એવોર્ડ, જિલ્લાકક્ષાનો રૂ. ૨૧૦૦૦/- નો એવોર્ડ, ઘટકકક્ષાનો રૂ.૧૧૦૦૦/- નો એવોર્ડ આપવાનું ઠરાવેલ છે, તે મુજબ કુલ રૂ. ૧૪૭.૭૮ લાખના કુલ ૮૭૬ એવોર્ડ આપવામાં આવે છે.

**શ્રેષ્ઠ નંદઘર (આંગણવાડી) કાર્યકર/તેડાગરને આપવાના થતા એવોર્ડની માહિતી દર્શાવતું પત્રક**

| અનુ | કઇ કક્ષાના છે. ? | સવર્ગ | રકમ રૂ | સંખ્યા | કુલ રકમ રૂ માં |
|---|---|---|---|---|---|
| ૧ | રાજયકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) કાર્યકર | ૫૧૦૦૦ | ૧ | ૫૧૦૦૦ |
| | રાજયકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) | ૩૧૦૦૦ | ૧ | ૩૧૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | તેડાગર | | | |
| ૨ | જીલ્લાકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) કાર્યકર | ૩૧૦૦૦ | ૨૬ | ૮૦૬૦૦૦ |
| | જીલ્લાકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) તેડાગર | ૨૧૦૦૦ | ૨૬ | ૫૪૬૦૦૦ |
| ૩ | મહાનગરપાલિકાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) કાર્યકર | ૩૧૦૦૦ | ૭ | ૨૧૭૦૦૦ |
| | જીલ્લાકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) તેડાગર | ૨૧૦૦૦ | ૭ | ૧૪૭૦૦૦ |
| ૪ | ઘટકકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) કાર્યકર | ૨૧૦૦૦ | ૩૩૬ | ૭૦૫૬૦૦૦ |
| | ઘટકકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) તેડાગર | ૧૧૦૦૦ | ૩૩૬ | ૩૬૯૬૦૦૦ |
| ૫ | નગરપાલિકાકક્ષાનો એવોર્ડ | નંદઘર (આંગણવાડી) કાર્યકર | ૨૧૦૦૦ | ૬૮ | ૧૪૨૮૦૦૦ |
| | | નંદઘર (આંગણવાડી)કાર્યકર | ૧૧૦૦૦ | ૬૮ | ૭૪૮૦૦૦ |
| | કુલ | | | કુલ | **૧૪૭૭૮૦૦૦** |

**<u>માતા યશોદા એવાર્ડ માટે કામગીરીના માપદંડો</u>**

- નંદઘર (આંગણવાડી) કેન્દ્રની શ્રેણી
- નંદઘર (આંગણવાડી) કેન્દ્રના લાભાર્થીઓની નોંધણી
- પુરક પોષણ હેઠળ આવરી લેવામાં આવેલ લાભાર્થી
- લાભાર્થીઓને  આપવામાં આવેલ આરોગ્ય સબંધિત સેવાઓ
- ગ્રોથ મોનીટરીંગ

- રેર્કડ રજીસ્ટર તેમજ અન્ય ખાધસામગ્રીની જાળવણી
- નંદઘર (આંગણવાડી) કેન્દ્રમાં લાભાથીઓને અનુરૂપ મહત્વના દિવસ અને સપ્તાહની ઉજવણી
- લોક સહકાર
- આઇ.સી.ડી.એસ.ને સબંધિત અન્ય યોજનાઓના અમલીકરણ બાબત
- નંદઘર (આંગણવાડી) કેન્દ્રની કામગીરીમાં તેડાગર બહેનોની ભુમિકા

ઉપરોકત એવોર્ડ જુદી જુદી કક્ષાએ નકકી કરેલ જુદીજુદી કમિટિઓ ધ્વારા નકકી કરી આપવામાં આવે છે.

***૭. સંકલિત બાળવિકાસ યોજનાનુ સશકિતકરણ***

**વીજ કનેકશન તથા વીજળી બીલની ચૂકવણી**

ભારત સરકાર ની ગાઈડ લાઈનમાં નંદઘર (આંગણવાડી) કેન્દ્રો ઉપર વીજ કનેકશન કે વીજળી બીલની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી જેથી રાજય સરકાર ધ્વારા કુલ ૫૦૨૨૬ નંદઘર (આંગણવાડી) કેન્દ્રોના વીજ કનેકશન માટે રૂ.૧.૮૧ કરોડની તથા વીજળી બીલોના ચુકવણા માટે રૂ.૧૨.૦૫ કરોડની ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે.

**ગેસ કનેકશન સુવિધા**

સુપ્રીમ કોર્ટની સુચનાઓ મુજબ બાળકોને અને માતાઓને તાજો રાંધેલો ખોરાક દરરોજ પુરો પડવાનો થાય છે અને આ સુવિધા વર્ષના ૩૦૦ દિવસ દરમ્યાન પ્રાપ્ત કરવાની છે. પુરક પોષણ તૈયાર કરવા માટે હાલ બળતણમાં લાકડા અથવા કેરોસીનનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ જો લાકડા અને કેરોસીનના બદલે ગેસ કનેકશન આપવામાં આવે અને ગેસ અને કુકરથી જો રાંધવાની પ્રક્રિયા કરવામાં આવે તો બળતણ તેમજ રાંધવાના સમયમાં કરકસર થાય એમ જણાય છે. જે જગ્યા ઉપર પ્રાયોગિક ધોરણે ગેસ કનેકશનથી રાંધવાનું કામ કરવામાં આવે તો ૨૦ % જેવો બળતણનો ખર્ચ બચત થયેલ તેમ જોવા મળેલ છે. તેથી નંદઘર (આંગણવાડી) કેન્દ્ર ઉપર ગેસ કનેકશન સુવિધા આપવા માટે દેશમાં સૌ પ્રથમવાર ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે ૫૦૦૦ આંગણવાડી કેન્દ્રોને બે બોટલ સાથેનું ગેસ કનેક્શન પુરૂં પડેલ છે. તથા સાગરખેડું યોજના હેઠળ રૂ. ૧.૭૦/-કરોડના ખર્ચે ૫૦૦૦ આંગણવાડી કેન્દ્રોમાં બે બોટલ સાથેનું ગેસ કનેક્શન પુરા પાડેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં બાકી રહેલ ૩૯,૦૦૦ આંગણવાડી કેન્દ્રોમાં રાજય સરકાર દ્વારા રૂ. ૩૦ કરોડના ખર્ચે બે બોટલ સાથેનું ગેસ કનેક્શન, સ્ટીલની સગડી અને ઇડલી કુકર આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ ના નાણાકીય વર્ષમાં અનુક્રમે ૧.૭૦ કરોડની જોગવાઇ કરી ખર્ચ કરેલ છે.

## (૮) <u>માતા યશોદા ભવિષ્ય નિધિ</u>

**નંદઘર (આંગણવાડી) કાર્યકર અને તેડાગર બહેનો માટે વિમા યોજના**

સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત કાર્યરત નંદઘર (આંગણવાડી) કેન્દ્ર પરના માનદ કાર્યકર અને તેડાગર ના ભવિષ્યની સામાજીક સુરક્ષા ને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દવારા "" માતા યશોદા ભવિષ્ય નિધિ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તે અન્વયે નંદઘર (આંગણવાડી) કાર્યકર અને તેડાગરના ચાલુ ફરજે અવસાન સમયે ખાતામાં જમા રકમ ૮ ટકા વ્યાજ સહીત ઉપરાંત રૂ.૫૦૦૦૦/- વિમાની રકમ મળવાપાત્ર થશે તથા નિવૃત્તી સમયે ખાતામાં જમા રકમ ૮ ટકા વ્યાજ સહીત રકમ મળવાપાત્ર થશે.આ માટે રાજય સરકાર રૂ. ૫૦ નો તથા નંદઘર (આંગણવાડી) કાર્યકર અને તેડાગરે રૂ. ૫૦ નો ફાળો દર માસે આપવાનો રહેશે. આ હેતુ માટે રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ.૫.૦૦ કરોડની જોગવાઈ કરેલ છે.

## <u>(૯) આઇસીડીએસ તાલીમ કાર્યક્રમ</u>

આ યોજના હેઠળ નંદઘર (આંગણવાડી) વકર/હેલ્પર મુખ્ય સેવિકા, સીડીપીઓ અને પ્રોગ્રામ ઓફીસર જોબ કોસ/રીફેશર કોસ ધ્વારા તાલીમ આપવામાં આવે છે. આ યોજના અન્વયે તા. ૩૧/૧૨/૨૦૧૧ સુધી કુલ ૨૭૬ મુખ્ય સેવિકાઓ, કુલ ૨૧૪૪ નંદઘર (આંગણવાડી) કાર્યકરો અને કુલ ૬૧૪ તેડાગરોને તાલીમ આપવામાં આવેલ છે. આઇસીડીએસ તાલીમ કાર્યક્રમ અંતગત ડિસેમ્બર-૧૧ સુધી ૧૨૫ મુખ્ય સેવિકાઓને ૧૨૦૧૩ નંદઘર (આંગણવાડી) કાર્યકરોને અને ૧૨૧૩૮ હેલ્પરોને તાલીમ આપવામાં આવેલ છે.

## *(૧૦) <u>સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના (ટોટલ સેનીટેશન)</u>*

સ્વચ્છના મૂલ્યોને ધ્યાનમાં રાખીને આ અભિયાન હેઠળ નંદઘર (આંગણવાડી)ના બાળકોમાં સ્વચ્છતાની ટેવો કેળવાય, બાળકોને સ્વચ્છ વાતાવરણ પુરૂ પડાય તથા જે ૮૦ ટકા રોગો ગંદકી અને પ્રદુષિત પાણીથી થાય છે. તેમાંથી બાળકોને બચાવી શકાય તે હેતું શર જીલ્લા ગ્રામ વિકાસ એજેન્સીની સહાયથી સ્વચ્છ સંકુલ (શૌચાલયો) બનાવવામાં આવેલ છે.

સ્વચ્છના અભિગમ અંગે જરુરી તાલીમ અને સાધન સામગ્રી, લોક જાગૃતિ માટે શૌચાલયનો પ્રયોગ કરવા, અને તેને સ્વચ્છ રાખવા માટે, નંદઘર (આંગણવાડી) કેન્દ્રોના તમામ કર્મચારીઓને જરુરી તાલીમ અને સાધન સામગ્રી આપવામાં આવે છે. કન્ટીજન્સી ખર્ચ જે નંદઘર (આંગણવાડી) દીઠ રૂ. ૨૫૦ હતો જે હાલ રૂ .૬૦૦/- કરવામાં આવેલ છે અને તેમાંથી ડોલ સાબુ, નેઇલકટર, ફીનાઇલ, સાવરણી, પાણી પીવાના ડોયા, પાણીની ગરણી વિગેરે સાધન આપવામાં આવે છે. આમ નાના બાળકની નાનામાં નાની જરુરીયાતનો ખ્યાલ રાખી બાળકોમાં સ્વચ્છતાની સુટેવો પડે અને રોગોથી મુકત સ્વસ્થ બાળક રહે તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવેલ છે.

**(૧૧) ઇન્દિરા ગાંધી માતુત્વ સહયોગ યોજના (આઇ.જી.એમ.એસ.વાય.)**

ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ નવી દિલ્હીના તા.૮-૧૧-૧૦ ના પત્ર નં 9-5/2010-IGMSY થી ઇન્દિરા ગાંધી માતુત્વ સહયોગ યોજના (આઇજી.એમ.એસ.વાય.)- કન્ડીશનલ મેટરનીટી બેનેફીટ સ્કીમ (સી.એમ.બી) ગુજરાત ના બે જીલ્લાઓ (૧). ભરૂચ તથા (૨) પાટણ માં અમલમાં મુકવામાં આવેલ છે આ યોજના સગર્ભા અને ધાત્રીમાતાઓને રોકડ સહાય દ્વારા તેમના આરોગ્ય અને પોષણના સુધારા અંગે રૂ.૪૦૦૦/- ની ચુકવણી ત્રણ હપ્તાઓમાં કરવામાં આવે છે. આ રકમ તેઓ દ્વારા માતુત્વ અને બાળ આરોગ્ય વિષયક જરૂરી તકેદારીઓ જેવી કે વેક્સિનેશન તેમજ અન્ય બાબતો માટે તકેદારી રાખવામાં આવેથી ચુકવણું કરવામાં આવશે આ યોજના હેઠળ ૧૯ વર્ષથી કે તેથી વધુ ઉંમરની માતાઓને પહેલા જીવિત બાળકનો જન્મ થયેથી આવરી લેવામાં આવશે. સગર્ભા અને ધાત્રી માતાઓને આ સમયગાળા દરમ્યાનના વેતનમાં થનાર ગેરલાભની બાબત પણ ધ્યાને રાખી યોજના ઘડવામાં આવેલ છે.

આ યોજ્ના હેઠળ દરેક સગર્ભા તથા ધાત્રી માતાઓને કરવામાં આવનાર રોકડ ચુકવણાની કાર્યવાહી પુર્ણ થયેથી નંદઘર (આંગણવાડી) વર્કર અને નંદઘર (આંગણવાડી) હેલ્પરને યોજનાની કામગીરી કરવા માટે પ્રોત્સાહન રૂપે અનુક્રમે રૂ.૨૦૦/- અને રૂ.૧૦૦/- રોકડ સહાય ચુકવવા અંગેની યોજના અમલમાં છે.

આ હેતુ માટે સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં રૂ. ૨૦૭૫.00 લાખ ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

***શાળા આરોગ્ય કાર્યક્રમ***

ગુજરાત રાજય દેશમાં સૌ પ્રથમ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ગૌરવ પ્રાપ્ત થયું છે. રાજય સરકારે પ્રાથમિક શાળાના બાળકોની સાથે સાથે નંદઘર (આંગણવાડી) કેન્દ્રોના ભુલકાઓના આરોગ્યની તમામ જવાબદારી ઉપાડી લીધી છે.તબીબી અધિકારીશ્રી ધ્વારા નંદઘર (આંગણવાડી)ના લાભાર્થી બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. તમામ બાળકોની સામાન્ય બીમારીઓની નંદઘર (આંગણવાડી)માં જ સારવાર આપવામાં આવે છે.

